Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 7
Chapter : 17
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
## તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 1 Hour
Date : 21/05/2020
Marks : 50
Roll No. : ____________

---

**SECTION - A**

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. કેટલાક પ્રાણીઓ બીજાં પ્રાણીઓને સાવધાન કરવા ચેતવણી કેવી રીતે આપે છે ?
   A. બીજા પ્રાણીઓની પાસે જઈને
   B. વિચિત્ર પ્રકારની હરકતો કરીને
   C. બીજાં પ્રાણીઓને ખલેલ પહોંચાડીને
   D. બીજાં પ્રાણીઓ પર ફળો નાખીને
2. જંગલોને શું કહેવાય છે ?
   A. ફેફસાં B. હૃદય C. આંખો D. ત્વચા
3. નીચેના પૈકી કઈ વન્ય પેદાશ નથી ?
   A. જડીબુટ્ટીઓ B. ગુંદર C. રેઝીન D. પ્લાસ્ટિક
4. કયું સજીવ મૃત પ્રાણીઓને ખાય છે?
   A. બગલો B. સારસ C. ગીધ D. સિંહ
5. પ્રકાંડ ઉપરનો ડાળીઓવાળો ભાગ શેના દ્વારા ઓળખાય છે?
   A. વૃક્ષનો તાજ B. છત્રછાયા C. સેન્દ્રિય પદાર્થ D. સુપ

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

1. ................ વાતાવરણ, જળચક્ર અને હવાની ગુણવત્તાને અસર કરે છે.
2. મૃતપ્રાણીઓ અને વનસ્પતિઓનું વિઘટન .............. દ્વારા થાય છે.
3. જંગલ ............. અને નું શુદ્ધીકરણ કરે છે.
4. વૃક્ષોના પ્રકાંડ ઉપરના ડાળીઓવાળા ભાગને ............. કહે છે.
5. સડેલાં પાંદડાં અને પ્રાણીઓનાં મળ જંગલને .......થી ભરપૂર બનાવે છે.

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

1. પ્રકાંડ ઉપરના ડાળીઓવાળા ભાગને છાયા તરીકે ઓળખવામાં આવે છે.
2. જંગલમાં ઊંચાં વૃક્ષોની નીચે બીજાં વૃક્ષો ઊગતાં નથી.
3. પ્રાણીઓની વિવિધતા જંગલના વૃદ્ધિ અને પુનર્વિકાસ માટે જરૂરી છે.
4. ફૂગ અને સુથમ જીવો મૃત વનસ્પતિ અને પ્રાણીઓને સેન્દ્રિય પદાર્થોમાં ફેરવતા નથી.
5. જંગલોથી ઘેરાયેલા પ્રદેશમાં સારો વરસાદ પડે છે.

**➽ જોડકા જોડો** (Marks - 05)

1. નીચે આપેલા જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | છાયા | (a) અદ્વિતીય જીવિત અસ્તિત્વ |
| 2. | હાથી | (b) સૌથી નીચેનું સ્તર |
| 3. | જંગલ | (c) જંગલના ઊંડાણવાળા વિસ્તારમાં રહે છે. |
| 4. | મૂળ | (d) ઊંચાં વૃક્ષોની ડાળીઓ |
| 5. | નાના છોડવાઓ | (e) જમીનનું ધોવાણ અટકાવે છે. |

**SECTION - B**

BHAVDIP VADHER (E-LEARNING)


➽ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો (Marks - 25)

1. કયા પ્રાણીઓ જંગલના ઊંડાણવાળા વિસ્તારમાં રહે છે?
2. વિઘટકોનાં બે ઉદાહરણ આપો.
3. જંગલનું તળિયું કેવું હોય છે ?
4. જંગલના અધિકારીઓ પ્રાણીઓની હાજરી શા પરથી ઓળખી કાઢે છે ?
5. વૃક્ષનો તાજ કોને કહેવાય છે ?
6. જંગલના અધિકારીઓ પ્રાણીઓની હાજરી કેવી રીતે ઓળખે છે ?
7. જંગલી પ્રાણીઓનાં ત્રણ નામ આપો.
8. પ્રોફેસર એહમદે બાળકોને જંગલમાં ઊંડાઈવાળા વિસ્તારમાં જવા કેમ ના પાડી ?
9. ફૂગ અને સૂક્ષ્મ જીવો શાના પર નભે છે?
10. ગીચ ઝાડી અને ઊંચું ઘાસ હરણને કઈ રીતે ઉપયોગી છે ?
11. જંગલમાં મુગટથી રચાતી જુદી જુદી આડી હરોળના જુદા જુદા સ્તરમાં કઈ કઈ વનસ્પતિનો સમાવેશ થાય છે ?
12. જંગલના ઊંડાણવાળા વિસ્તારમાં કયાં પ્રાણીઓ રહેતાં હોય છે ?
13. મૃત પ્રાણીઓને ખાનારા ત્રણ પ્રાણીઓનાં નામ આપો.
14. જંગલમાંથી મળતી કોઈ પણ પાંચ પેદાશોનાં નામ જણાવો.
15. છાયા એટલે શું ?
16. જંગલમાંથી કઈ વન્યપેદાશો મળે છે ?
17. બાળકોને ક્યારે નરમ ગાલીચા પર ચાલતા હોય તેવું લાગ્યું ?
18. પર્ણને બહિર્ગોળ કાચમાં નિહાળતા બાળકોએ શું જોયું ?
19. સેન્દ્રિય પદાર્થ કોને કહે છે ?
20. જંગલી વૃક્ષોનાં ત્રણ નામ જણાવો.
21. ટીબુએ બાળકોને કયા વૃક્ષો ઓળખવામાં મદદ કરી ?
22. ઘરવપરાશમાં વપરાતી કઈ વસ્તુઓ લાકડામાંથી બને છે ?
23. જંગલોનું પ્રમાણ કેમ ઘટી રહ્યું છે ?
24. જંગલો તેમાં રહેલાં લોકોને કઈ જરૂરિયાત પૂરી પાડે છે ?
25. જંગલના અધિકારીઓ પ્રાણીઓની હાજરી શાના પરથી ઓળખી શકે છે.

➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો (Marks - 05)

BHAVDIP VADHER (E-LEARNING)

1. નીચે આપેલી આકૃતિમાં ચિત્રકાર નામનિર્દેશન અને તીર આપવાનું ભૂલી ગયેલ છે. નીચે આપેલ શબ્દો દ્વારા નામ નિર્દેશન કરો અને પ્રક્રિયાની દિશા જણાવો.
વાદળો, વરસાદ, વાતાવરણ, કાર્બન ડાયોક્સાઈડ , ઑક્સીજન, વનસ્પતિ, પ્રાણી, નમીન, મુળ, જળ સપાટી



**Best Of Luck**

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 7
Chapter : 17

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 21/05/2020
Marks : 50

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** **(Marks - 05)**

1. બીજાં પ્રાણીઓને ખલેલ પહોંચાડીને
2. ફેફસાં
3. પ્લાસ્ટિક
4. ગીધ
5. વૃક્ષનો તાજ

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 05)**

1. જંગલો
2. વિઘટકો (સૂથમ જીવો)
3. હવા, પાણી
4. તાજ (મુગટ)
5. સેન્દ્રિય દ્રવ્યો

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 05)**

1. ખોટું (False)
2. ખોટું (False)
3. ખરું (True)
4. ખોટું (False)
5. ખરું (True)

**➽ જોડકા જોડો** **(Marks - 05)**

1. (1-d), (2-c), (3-a), (4-e), (5-b).

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 25)**


1. રીંછ, જંગલી બળદ, શિયાળ, સાપ, હાથી વગેરે જેવાં પ્રાણીઓ જંગલના ઊંડાણવાળા વિસ્તારમાં રહે છે.
2. કેટલીક ફૂગ અને બૅક્ટરિયા
3. જંગલનું તળિયું ઘેરા રંગનું, મૃત અને સડેલાં પણ, ફળો, બીજ, ડાળીઓ અને નાના છોડવાઓથી આવરિત હોય છે.
4. જંગલના અધિકારીઓ કેટલાંક પ્રાણીઓની હાજરી તેમનાં મળ અને પગલાંના નિશાન પરથી ઓળખી કાઢે છે.
5. પ્રકાંડ ઉપરના ડાળીઓવાળા ભાગને વૃક્ષનો તાજ (મુગટ) કહેવામાં આવે છે.
6. જંગલના અધિકારીઓ કેટલાંક પ્રાણીઓની હાજરી તેમના મળ અને પગલાંના નિશાનથી ઓળખી શકે છે.
7. રીંછ, જંગલી બળદ, હાથી
8. જંગલના ઊંડાઈવાળા વિસ્તારમાં રીંછ, જંગલી બળદ, શિયાળ, હાથી જેવા જંગલી પ્રાણીઓ રહેતાં હોવાથી પ્રોફેસર એહમદે બાળકોને ત્યાં જવાની ના પાડી.
9. ફૂગ અને સૂક્ષ્મ જીવો મૃત વનસ્પતિ અને પ્રાણીઓની પેશીઓ પર નભે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

10. ગીચ ઝાડી અને ઊંચે ઘાસ હરણને ખોરાક અને રહેઠાણ પૂરું પાડે છે; ઉપરાંત જંગલમાં રહેતાં માંસાહારીઓથી પણ તેમને બચાવે છે.
11. જંગલમાં મુગટથી રચાતી જુદી જુદી આડી હરોળમાં સૌથી ઉપરના સ્તરમાં વિશાળ અને લાંબાં વૃક્ષોનો, તે પછીના સ્તરમાં ક્ષુપનો અને સૌથી નીચેના સ્તરમાં લાંબું ઘાસ અને છોડવાઓનો સમાવેશ થાય છે.
12. રીંછ, જંગલી બળદ, શિયાળ, હાથી, વાંદરાં, સાપ જેવાં પ્રાણીઓ જંગલના ઊંડાણવાળા વિસ્તારમાં રહેતાં હોય છે.
13. ગીધ, કાગડો, શિયાળ
14. જંગલમાંથી મળતી પેદાશો નીચે મુજબ છે :
(1) લાકડું (2) જડીબુટ્ટીઓ (3) ગુંદર (4) રેઝિન (5) કાથો
15. ઊંચા વૃક્ષોની ડાળીઓ નીચાં વૃક્ષો ઉપર છવાઈને છત્રછાયા પ્રદાન કરે છે, તે છાયા તરીકે ઓળખાય છે.
16. જંગલમાં ગુંદર, તેલ, મસાલા, પ્રાણીઓનો ખોરાક (ઘાસચારો), લાકડાં અને જડીબુટ્ટીઓ વગેરે જેવી વન્યપેદાશો મળે છે.
17. જ્યારે બાળકો મૃતપર્ણોના આવરણ પર ચાલતા હતા ત્યારે નરમ ગાલીચા પર ચાલતા હોય તેવું લાગ્યું.
18. પર્ણને બહિર્ગોળ કાચમાં નિહાળતા તેમાં નાની ફૂગ, નાના જીવજંતુઓનું સૈન્ય, કીડીઓ, ઢાલિયાં, અને જીવડાઓ વગેરે જોયું.
19. ફૂગ અને સૂક્ષ્મ જીવો મૃત વનસ્પતિ અને પ્રાણીઓની પેશીઓ પર નભે છે, અને ઘેરા રંગના પદાર્થમાં ફેરવે છે, તેને સેન્દ્રિય પદાર્થ કહે છે.
20. સાગ, સાલ, સીસમ
21. ટીબુએ સાલ, સાગ, સેમલ, સીસમ, લીમડો, ખાખરો, અંજીર, ગુડ, આમળા, વાંસ, વગેરે વૃક્ષો ઓળખવામાં મદદ કરી.
22. ઘરવપરાશમાં ઉપયોગમાં લેવાતી પ્લાયવૂડ (સ્તરકાષ્ઠ) , બળતણ લાકડું, ખોખા, પેપર, દીવાસળી અને ફર્નિચર વગેરે વસ્તુઓ લાકડામાંથી બને છે.
23. જંગલોનું પુનઃસર્જન નથી થઈ રહ્યું અને વધુ પડતા પ્રાણીઓના ચારાને લીધે વૃક્ષો કાપી નંખાય છે.
24. ખોરાક, પાણી, રહેઠાણ અને ઔષધો
25. મળ અને પગલાં

➽ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** **(Marks - 05)**

1.




BHAVDIP VADHER (E-LEARNING)